વ્યાવસાયિક નેટવર્કિંગ સંસ્થા 'લિંક્ડઇન'ના અહેવાલમાં વડોદરાની મોટી સિદ્ધિ, સુરત બાદ ગુજરાતનું બીજું શહેર

રોજગારીનું નવા યુગનું કેન્દ્ર બન્યું વડોદરા દેશના ઝડપથી વિકસતા શહેરોમાં ચોથું સ્થાન

ઔદ્યોગિક વિકાસ, તબીબી સાધન ઉદ્યોગ, અભિયાંત્રિકી અને ખાનગી રોકાણોથી રોજગારીની તકોમાં સતત વધારો

(પ્રતિનિધિ) વડોદરા તા.25

દેશના અગ્રણી વ્યાવસાયિક નેટવર્કિંગ મંચ લિંક્ડઇન દ્વારા જાહેર કરાયેલા સિટીઝ ઓન ધ રાઇઝ-2026 અહેવાલમાં વડોદરાને ભારતના સૌથી ઝડપથી વિકસી રહેલા બિન-મહાનગરીય રોજગાર કેન્દ્રોમાં ચોથું સ્થાન મળ્યું છે. આ સિદ્ધિ વડોદરાના ઔદ્યોગિક વિકાસ, આધુનિક માળખાકીય સુવિધાઓ અને રોજગારીની વધતી તકોનું પ્રતિબિંબ માનવામાં આવી રહી છે. અહેવાલ મુજબ વડોદરામાં તબીબી સાધન ઉત્પાદન, અભિયાંત્રિકી, ટેકનોલોજી, ઔષધ નિર્માણ અને નાણાકીય સેવાઓ જેવા ક્ષેત્રોમાં રોજગારીની તકો સતત વધી રહી છે. શહેરમાં વિકસી રહેલું ગ્રીનફિલ્ડ આંતરરાષ્ટ્રીય વિમાનમથક, તબીબી સાધન ઉદ્યોગ પાર્ક, ઔદ્યોગિક વિસ્તરણ અને વધતા ખાનગી રોકાણો વડોદરાને કુશળ માનવબળ માટે આકર્ષક કેન્દ્ર બનાવી રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કંપનીઓએ પણ વડોદરામાં પોતાના કારોબારનો વિસ્તાર કર્યો છે, જેના કારણે સ્થાનિક યુવાનો ઉપરાંત અન્ય શહેરોના વ્યાવસાયિકો માટે પણ અહીં રોજગારીની નવી તકો ઊભી થઈ રહી છે. અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે બીજા ક્રમના શહેરોમાં માળખાકીય સુવિધાઓ, ડિજિટલ જોડાણ અને ઉદ્યોગોના વિસ્તરણને કારણે રોજગારી હવે માત્ર મહાનગરો સુધી મર્યાદિત રહી નથી. અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે બીજા ક્રમના શહેરોમાં માળખાકીય સુવિધાઓ, ડિજિટલ જોડાણ અને ઉદ્યોગોના વિસ્તરણને કારણે રોજગારી હવે માત્ર મહાનગરો સુધી મર્યાદિત રહી નથી. વડોદરા આ પરિવર્તનનું મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહ્યું છે અને આગામી વર્ષોમાં ઉચ્ચ કૌશલ્ય ધરાવતી તેમજ ટેકનિકલ રોજગારીમાં નોંધપાત્ર વૃદ્ધિ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

સિટીઝ ઓન ધ રાઇઝ-2026ની યાદી

1 વિશાખાપટ્ટનમ
2 લુધિયાણા
3 સુરત
4 વડોદરા
5 પ્રયાગરાજ
6 કોયમ્બતૂર
7 ભુવનેશ્વર
8 જયપુર
9 ઇન્દોર
10 ભોપાલનો સમાવેશ થાય છે.

પૂરની સ્થિતિ વચ્ચે કોટણા બીચ બંધ

(પ્રતિનિધિ) વડોદરા તા.25

ભારે વરસાદ અને ઉપરવાસમાંથી છોડાયેલા પાણીને કારણે મહી નદીમાં જળસ્તર વધતાં કોટણા બીચ તરફની અવરજવર પર જિલ્લા પ્રશાસને તાત્કાલિક પ્રતિબંધ મૂક્યો છે. સુરક્ષાના ભાગરૂપે માર્ગ પર મજબૂત આડશો ગોઠવી પ્રવાસીઓ અને વાહનોની અવરજવર બંધ કરવામાં આવી છે, જેથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને. નદીના જળસ્તરમાં વધુ વધારો થવાની શક્યતાને ધ્યાનમાં રાખીને બીચ કિનારે દુકાનો અને લારીઓ ચલાવતા વેપારીઓને પણ સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નદીકાંઠાના વિસ્તારોમાં સતત દેખરેખ રાખવામાં આવી રહી છે તેમજ આપત્તિ વ્યવસ્થાપન ટીમને પણ સતર્ક રાખવામાં આવી છે. પ્રશાસને નાગરિકો અને પ્રવાસીઓને કોટણા બીચ તથા મહી નદીના કિનારાના વિસ્તારોમાં ન જવા અને તંત્રની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરી છે.

ભીમ આર્મી, આઝાદ સમાજ પાર્ટી અને વિદ્યાર્થી સંગઠનોના કાર્યકરોનો સરકાર વિરુદ્ધ દેખાવો

પરીક્ષામાં ગેરરીતિ મુદ્દે વડોદરામાં વિદ્યાર્થી સંગઠનોનો ઉગ્ર વિરોધ, કલેક્ટરને આવેદનપત્ર

શિક્ષણમંત્રીના રાજીનામા અને પરીક્ષા વ્યવસ્થામાં પારદર્શિતાની ઉગ્ર માંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 25

દેશની પરીક્ષા અને સરકારી ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા લાવવાની માંગ સાથે શનિવારે વડોદરામાં ભીમ આર્મી ભારત એકતા મિશન, આઝાદ સમાજ પાર્ટી તથા વિવિધ વિદ્યાર્થી સંગઠનો દ્વારા વિરોધ પ્રદર્શન યોજાયું હતું. મોટી સંખ્યામાં કાર્યકરો અને વિદ્યાર્થીઓએ જિલ્લા કલેક્ટર કચેરી સુધી રેલી કાઢી સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા તેમજ મામલતદાર મારફતે રાષ્ટ્રપતિને સંબોધીને આવેદનપત્ર પાઠવ્યું હતું.

પ્રદર્શન દરમિયાન કાર્યકરો હાથમાં બેનરો, પોસ્ટરો અને પ્લેકાર્ડ સાથે કલેક્ટર કચેરી પહોંચ્યા હતા. વિદ્યાર્થીઓએ તાજેતરની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓ અને ભરતી પ્રક્રિયામાં પારદર્શિતાના અભાવ સામે રોષ વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે વહીવટી તંત્ર દ્વારા કલેક્ટર કચેરી ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

આવેદનપત્રમાં તાજેતરની પરીક્ષાઓમાં થયેલી અનિયમितતાઓની નૈતિક જવાબદારી સ્વીકારી કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું આપે તેવી માંગ કરવામાં આવી હતી. ઉપરાંત વિદ્યાર્થી આંદોલનો દરમિયાન થયેલી પોલીસ કાર્યવાહીની નિષ્પક્ષ ન્યાયિક તપાસ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને સરકારી ભરતી પ્રક્રિયાને સંપૂર્ણ પારદર્શક બનાવવાની તેમજ પેપર લીક જેવી ઘટનાઓ રોકવા કડક કાયદાકીય સુધારા અમલમાં મૂકવાની પણ માંગ ઉઠાવવામાં આવી હતી. વિદ્યાર્થી આગેવાનો અને સંગઠનોના હોદ્દેદારોએ ચેતવણી આપી હતી કે જો તેમની માંગણીઓનો વહેલી તકે હકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે તો આગામી દિવસોમાં રાજ્યવ્યાપી અને વધુ ઉગ્ર આંદોલન શરૂ કરવામાં આવશે.

કરજણ પોલીસે ૪૪ જપ્ત વાહનોની જાહેર હરાજી યોજી

તમામ કાયદાકીય અને વહીવટી પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ પારદર્શક રીતે યોજાઈ પબ્લિક ઓક્શન

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા ગ્રામ્ય જિલ્લાના કરજણ પોલીસ સ્ટેશન ખાતે અલગ-અલગ ગુનાઓમાં જપ્ત કરાયેલા અને લાંબા સમયથી પડેલા 44 વાહનોની જાહેર હરાજી (પબ્લિક ઓક્શન) સફળતાપૂર્વક યોજાઈ હતી. સરકારી નિયમો અને સંપૂર્ણ પારદર્શિતા સાથે યોજાયેલી આ હરાજી દરમિયાન તમામ કાયદાકીય પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવ્યું હતું.

પોલીસ મહાનિરીક્ષક સંદિપસિંહ તથા વડોદરા ગ્રામ્ય જિલ્લા પોલીસ અધિક્ષક સુશીલ અગ્રવાલના માર્ગદર્શન અને સૂચના હેઠળ, તેમજ કરજણ ડિવિઝનના DySP પી.એન. પટેલના દેખરેખ હેઠળ કરજણ પોલીસ સ્ટેશન ખાતે લાંબા સમયથી પડેલા મુદ્દામાલના યોગ્ય નિકાલ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પોલીસ ઈન્સ્પેક્ટર બી.એમ. પટેલની સૂચના હેઠળ અલગ-અલગ ગુનાઓમાં જપ્ત કરાયેલા 44 વાહનોની તમામ કાયદાકીય અને વહીવટી પ્રક્રિયાઓ પૂર્ણ કર્યા બાદ જાહેર હરાજીનું આયોજન કરવામાં આવ્યું હતું. હરાજી દરમિયાન DySP પી.એન. પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર પ્રક્રિયા સરકારી નિયમો તેમજ સંપૂર્ણ પારદર્શિતા સાથે સંપન્ન કરવામાં આવી હતી. અંતે તમામ 44 વાહનોની જાહેર હરાજી સફળતાપૂર્વક પૂર્ણ કરી લાંબા સમયથી પડેલા મુદ્દામાલનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો.

માંજલપુરમાં ૯૮.૨૫% મતદાર માહિતી કાપલીનું વિતરણ

(પ્રતિનિધિ) વડોદરા તા.25

145-માંજલપુર વિધાનસભા પેટાચૂંટણીનું મતદાન 30 જુલાઈ, 2026ના રોજ યોજાનાર છે. ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ મતદાન જાગૃતિ વધારવા અને મતદારોને જરૂરી માહિતી પહોંચાડવા બીએલઓ દ્વારા ઘરે-ઘરે જઈ મતદાર માહિતી કાપલીનું વિતરણ કરવામાં આવ્યું છે. કુલ 2,19,494 મતદારોમાંથી 2,15,662 મતદારોને માહિતી કાપલી પહોંચાડવામાં આવી છે, જે કુલ 98.25 ટકા થાય છે. વિતરણ દરમિયાન ઘરે હાજર ન મળેલા, સ્થળાંતરિત અથવા મૃત્યુ પામેલા મતદારોની એએસડી (ગેરહાજર, સ્થળાંતરિત અને મૃત્યુ પામેલા) યાદી પણ તૈયાર કરવામાં આવી છે. આવા 3,832 મતદારોને માહિતી કાપલીનું વિતરણ થઈ શક્યું નથી. ચૂંટણી તંત્રે તમામ મતદારોને મતદાનના દિવસે પોતાના મતાધિકારનો અવશ્ય ઉપયોગ કરવા અપીલ કરી છે.

વરસાદી પાણીના નિકાલ માટે વીએમસીની ત્વરિત કાર્યવાહી, અનેક વિસ્તારોમાં સમસ્યાનો ઉકેલ

બાપોદ, વાસિયા અને કિશનવાડી વિસ્તારમાં મશીનરીથી ગટર-કેચપીટની સઘન સફાઈ

સ્થાનિકોની રજૂઆત બાદ સ્થળ તપાસ કરી પાણી ભરાવાની સમસ્યા દૂર કરવા કામગીરી પૂર્ણ

(પ્રતિનિધિ) વડોદરા તા.25

ચોમાસા દરમિયાન શહેરમાં વરસાદી પાણી ભરાવાથી નાગરિકોને હાલાકી ન પડે તે માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા વિવિધ વિસ્તારોમાં ત્વરિત કામગીરી હાથ ધરવામાં આવી છે. સ્થાનિક રહિશો અને જનપ્રતિનિધિઓની રજૂઆતને આધારે સ્થળ તપાસ કરીને વરસાદી પાણીના નિકાલની કામગીરી યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવી છે.

પૂર્વ ઝોનના વહીવટી વોર્ડ નં. 5 હેઠળ આવેલા વેદ રેસિડન્સી, બાપોદ વિસ્તારમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યાને ધ્યાનમાં રાખી પાલિકાની ટીમે જેસીબી મશીનની મદદથી માર્ગની બાજુમાં ચરી બનાવી પાણીના નિકાલની વ્યવસ્થા કરી હતી. આ કામગીરીથી સ્થાનિક રહિશોને રાહત મળી છે તેમજ આગામી દિવસોમાં પાણી ભરાવાની સમસ્યા ઘટશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

તે ઉપરાંત વોર્ડ નં. 6 હેઠળ વાસિયા ઝુલેલાલ મંદિર પાછળનો કોટ વિસ્તાર અને ફકીરની ઝોપડી પાસે વરસાદી પાણી ભરાવાની સતત ફરિયાદો મળતાં પાલિકાએ તાત્કાલિક કામગીરી શરૂ કરી હતી. સુપર સકર મશીન દ્વારા વરસાદી ગટર અને કેચપીટની સઘન સફાઈ કરવામાં આવી હતી, જ્યારે જેટીંગ મશીનથી ગટર લાઈનોને ફ્લશ કરીને કચરો અને કાંપ દૂર કરવામાં આવ્યા હતા.

અમરાવતી નદીના કાંઠે જમીન ધોવાણથી ખેડૂતોમાં ચિંતા

ધારાસભ્ય સહિત અધિકારીઓએ સ્થળ મુલાકાત લઈ કાયમી ઉકેલનુ આપ્યુ આશ્વાસન

(પ્રતિનિધિ) અંકલેશ્વર, તા. ૨૫

અંકલેશ્વર તાલુકાના કાંસીયા, માંડવા સહિત અમરાવતી નદીના કાંઠે આવેલા ગામોમાં જમીન ધોવાણની સમસ્યાએ ફરી ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. ભારે વરસાદને કારણે અમરાવતી નદી બે કાંઠે વહેતા કાંસીયા, માંડવા, સેંગપુર, અવાદર અને દઢાલ ગામોની હજારો એકર ખેતીલાયક જમીન ધોવાઈ જતાં ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે.

પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખી ધારાસભ્ય, પ્રાંત અધિકારી, મામલતદાર અને સિંચાઈ વિભાગના અધિકારીઓએ ધોવાણગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈ ખેડૂતોની રજૂઆતો સાંભળી હતી. ખેડૂતોનું કહેવું છે કે છેલ્લા ત્રણ દાયકાથી દર ચોમાસે ઉપજાઉ જમીન નદીમાં સમાઈ રહી છે, છતાં કાયમી ઉકેલ આવ્યો નથી.

ધારાસભ્યએ જણાવ્યું કે જમીન ધોવાણ અટકાવવા માટે ટેકનિકલ ધોરણે ગેબીયન વોલ બનાવવાની યોજના રાજ્ય સરકારે મંજૂર કરી છે. જરૂરી પ્રક્રિયા પૂર્ણ થતાં કામગીરી શરૂ કરવામાં આવશે. ખેડૂતો હવે આગામી ચોમાસા પહેલાં આ યોજના અમલમાં મુકાય અને ખેતીલાયક જમીનને કાયમી રક્ષણ મળે તેવી આશા વ્યક્ત કરી રહ્યા છે.

કારગિલના અમર શહીદોને અનોખી શ્રદ્ધાંજલિ

અખબારના પાનાંમાંથી ઈતિહાસ સુધી; કારગિલ યુદ્ધની યાદોને જીવંત રાખતી બીના ખીમાણી

(પ્રતિનિધિ) વડોદરા તા.25

દેશભક્તિ માત્ર શબ્દોમાં નહીં, પરંતુ વર્ષો સુધી જતનપૂર્વક સાચવવામાં આવેલી યાદોમાં પણ જીવંત રહી શકે છે. તેનું જીવંત ઉદાહરણ વડોદરાના વારસિયા વિસ્તારમાં રહેતી નિવૃત્ત ભારતીય સૈનિકની પુત્રી બીના ખીમાણી છે.

તેમણે કારગિલ યુદ્ધ દરમિયાન અખબારોમાં પ્રકાશિત થયેલા સમાચાર, દુર્લભ તસવીરો, વીર જવાનોની શૌર્યગાથાઓ અને યુદ્ધ સંબંધિત મહત્વની માહિતી એકત્રિત કરીને તૈયાર કરેલી અનોખી સ્ક્રેપબુક છેલ્લા ૨૭ વર્ષથી પોતાની અમૂલ્ય ધરો તરીકે સાચવી રાખી છે.

કારગિલ વિજય દિવસની પૂર્વ સંધ્યાએ બીના ખીમાણીએ આ ઐતિહાસિક સંગ્રહને રાષ્ટ્રીય સ્તરે સંરક્ષિત કરવાની લાગણીસભર અપીલ કરી છે. તેમનું કહેવું છે કે આ સ્ક્રેપબુક માત્ર અખબારના કટિંગ્સનો સંગ્રહ નથી, પરંતુ કારગિલના અમર શહીદો અને વીર જવાનોના શૌર્ય, બલિદાન અને દેશપ્રેમની જીવંત ગાથા છે. નિવૃત્ત ભારતીય સૈનિકની પુત્રી હોવાના કારણે બાળપણથી જ તેમના મનમાં દેશસેવા અને સૈનિકો પ્રત્યે વિશેષ આદરની ભાવના હતી. તેઓ પોતે પણ ભારતીય સેનામાં જોડાઈ દેશસેવા કરવા ઈચ્છતા હતા, પરંતુ સંજોગોને કારણે તે શક્ય બન્યું નહોતું. જોકે દેશપ્રેમની આ ભાવનાને તેમણે એક અનોખા કાર્ય દ્વારા જીવંત રાખી. કારગિલ યુદ્ધ દરમિયાન તેમના ઘરે આવતાં હિન્દી અખબારમાંથી તેઓ રોજ યુદ્ધ સંબંધિત સમાચાર, તસવીરો અને બહાદુરીની ગાથાઓ કાપીને વ્યવસ્થિત રીતે સ્ક્રેપબુકમાં સંગ્રહિત કરતા ગયા. સમય જતાં આ સંગ્રહ એક ઐતિહાસિક દસ્તાવેજનું સ્વરૂપ ધારણ કરતો ગયો. બીના ખીમાણીના જણાવ્યા મુજબ આજે સ્ક્રેપબુકના પાનાં સમયના પ્રભાવને કારણે નાજુક બની ગયા છે.

તેથી હવે તેનું વૈજ્ઞાનિક પદ્ધતિથી સંરક્ષણ થવું અત્યંત જરૂરી છે. તેઓ માને છે કે આ પ્રકારનો સંગ્રહ ભાવિ પેઢીને કારગિલ યુદ્ધના ઈતિહાસ અને ભારતીય સેનાના શૌર્ય વિશે જાણવાની અનોખી તક આપી શકે છે. તેમની ઈચ્છા છે કે આ સ્ક્રેપબુકને એક દિવસ કારગિલ વોર મેમોરિયલ અથવા અન્ય કોઈ રાષ્ટ્રીય સંગ્રહાલયમાં સ્થાન મળે અને દેશના શૂરવીરોની ગૌરવગાથાના સાક્ષી તરીકે ભાવિ પેઢીઓ સુધી પહોંચે.

ગુજરાત પાણી પુરવઠા બોર્ડના સ્ટોરમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

પોલીસે રૂ.૧.૫૦ લાખની ચોરીમાં બે શાતિર ચોરને ઝડપી પાડ્યા

પ્રતિનિધિ) વડોદરા તા.8

ગત 23 જુલાઈએ આજવા ચોકડી પાસે આવેલા ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના મિકેનિકલ સ્ટોરની લોખંડની જાળી તોડી તસ્કરોએ અપર વાલ્વ એસેમ્બલી, લોઅર વાલ્વ એસેમ્બલી, ચેક વાલ્વ ગાઇડ, ચેક વાલ્વ સીટ, મોડિફાઇડ સ્પેસર સહિત આશરે રૂ.1.50 લાખના સ્પેર પાર્ટ્સની ચોરી કરી ફરાર થયા હતા. ઘટનાની ગંભીરતા ધ્યાનમાં લઈ કપુરાઈ પીઆઈ ડી.સી. રાઓલે ખાસ તપાસ ટીમો બનાવી હતી અને હ્યુમન ઇન્ટેલિજન્સ અને ટેક્નિકલ સર્વેલન્સના આધારે તપાસ દરમિયાન બંને આરોપીઓ સુધી પહોંચવામાં સફળતા મળી હતી. પોલીસે કરનસિંગ રતના હેલોત (ઉ.વ.19) અને પંકેશ દિતા ડામોર (ઉ.વ.19) (બંને હાલ વૃંદાવન ચાર રસ્તા પાસે ફૂટપાથ પર રહેતા અને મૂળ રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના રહેવાસી)ની ધરપકડ કરી હતી. પૂછપરછ દરમિયાન બંનેએ ચોરી કરી હોવાની કબૂલાત પણ કરી હતી. પોલીસે બંને આરોપીઓ પાસેથી કુલ રૂ.1.50લાખનો મુદ્દામાલ કબજે લીધો.

આ સિઝનમાં પહેલીવાર ઓલ-વેધર રોડ રિપેરિંગ ટેકનોલોજીનો ઉપયોગ

કાયાવરોહણથી સૂર્યનગર ટાઉનશીપ સુધીના ૨૦ કિમીના માર્ગનું સમારકામ કરાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.8

ચોમાસા દરમિયાન રસ્તાઓની જાળવણીમાં સુધારો લાવવાના એક મહત્વપૂર્ણ પગલા તરીકે, રોડ અને મકાન વિભાગ, વડોદરાએ આ સિઝનમાં પહેલીવાર ખાડા પુરવા માટેની ક્રાંતિકારી સામગ્રી 'EcoFix' રજૂ કરી છે. કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ દ્વારા વિકસાવવામાં આવેલી 'EcoFix' એ એક એડવાન્સ કોલ્ડ-મિક્સ ટેકનોલોજી છે, જેમાં ગ્રીટ, બિટ્યુમેન, સ્ટીલ સ્લેગ અને અન્ય ખાસ ફોર્મ્યુલેટેડ સામગ્રીનો સમાવેશ થાય છે. તમામ પ્રતિકૂળ હવામાનમાં કામ કરવા માટે તૈયાર કરાયેલી આ પ્રોડક્ટ પાણી ભરાયેલા રસ્તાઓ પર પણ ઝડપી અને ટકાઉ સમારકામ શક્ય બનાવે છે, અને સમારકામ બાદ તરત જ વાહનવ્યવહાર શરૂ કરી શકાય છે.આ નવીન ટેકનોલોજીનો ઉપયોગ કરીને, R|B વિભાગે કાયાવરોહણથી તરસાલી ચોકડી સુધીના ૨૦ કિલોમીટરના વિસ્તારમાં સફળતાપૂર્વક ખાડાઓ પૂર્યા છે. ઉચ્ચ અધિકારીઓએ આ અંગે જણાવ્યું હતું કે, EcoFix અપનાવવાથી રસ્તાના સમારકામની ટકાઉપણામાં વધારો થશે,

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ

DGVCL

CIN U40102GJ2003SGC042909

રજી. અને કોર્પોરેટ કચેરી: 'ઊર્જા સદન'

નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત – ૩૯૫૦૦૬

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

ખેતી વિષયક ફિડરોના વીજ પુરવઠાના સમયમાં ફેરફાર અંગેની જાહેરખબર

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે રાજપીપળા અને વ્યારા વિભાગીય કચેરી હેઠળ ના અનુક્રમે આવતા ૬૬ કેવી બલ, ૬૬ કેવી ખેડીપાડા સબ-સ્ટેશન, ૬૬ કેવી દેડીયાપાડા સબ સ્ટેશન, ૬૬ કેવી પોમલાપાડા સબ-સ્ટેશન, ૬૬ કેવી રૂમકીતળાવ સબ-સ્ટેશન, ૬૬ કેવી હિંગણી સબ-સ્ટેશન અને ૬૬ કેવી બોરીકુવા સબ-સ્ટેશન માંથી નીકળતા નીચે જણાવેલ ખેતીવાડી ફિડરોનો રોજનો ચાલુ અને બંધ થવાના સમયમાં તારીખ ૨૬.૦૭.૨૦૨૬ થી ખેતીવાડી ગ્રુપ સમયમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવેલ છે, જેની નોંધ લેવા વિનંતી છે.

અ. નં.	જિલ્લાનું નામ	સબ-સ્ટેશનનું નામ	ખેતીવાડી ફિડરનું નામ	ખેતીવાડી હાલનું ગ્રુપ	હાલનો ગ્રુપ નો સમય	અમલમાં આવતા ગ્રુપનું નામ	અમલમાં આવતા ગ્રુપનો સમય
૧	નર્મદા	૬૬ કેવી બલ	૧૧ કેવી ગઢ એજી	DN-1	૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક	DNG2	૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક
૨		૬૬ કેવી ખેડી પાડા	૧૧ કેવી રૂખલ એજી	DN-2	૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક	DNG2	૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક
૩			૧૧ કેવી જાંખ એજી	DN-1	૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક	DNG2	૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક
૪			૧૧ કેવી ધારદા એજી	DN-1	૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક	DNG2	૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક
૫		૬૬ કેવી દેડીયા પાડા	૧૧ કેવી ભાટપુર એજી	DN-2	૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક	DNG2	૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક
૬			૧૧ કેવી જરગામ (ગોપલિયા) એજી	DN-1	૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક	DNG2	૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક
૭			૧૧ કેવી સોલીયા એજી	DN-1	૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક	DNG2	૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક
૮			૧૧ કેવી ચૂલી એજી	DN-2	૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક	DNG2	૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક
૯		૬૬ કેવી પોમલા પાડા	૧૧ કેવી ખરચીપાડા એજી	DN-2	૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક	DNG2	૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક
૧૦			૧૧ કેવી ધનોર એજી	DN-1	૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક	DNG2	૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક
૧૧	તાપી	૬૬ કેવી રૂમકી તળાવ	૧૧ કેવી રાયગઢ એજી	DT-1	૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક	DTG2	૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક
૧૨			૧૧ કેવી ચીતપુર એજી	DT-1	૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક	DTG2	૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક
૧૩		૬૬ કેવી હિંગણી	૧૧ કેવી દેવડા એજી	DT-2	૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક	DTG2	૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક
૧૪			૧૧ કેવી સુલવાડા એજી	DT-1	૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક	DTG2	૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક
૧૫		૬૬ કેવી બોરીકુવા	૧૧ કેવી ગંડા એજી	DT-1	૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક	DTG2	૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક
૧૬	સુરત	૬૬ કેવી બોરીકુવા	૧૧ કેવી ગોરાપાડા એજી	DT-2	૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક	DTG2	૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક

સદર ગ્રુપ પ્રમાણે વીજ પુરવઠાના સમયનો અમલ તા. ૨૬.૦૭.૨૦૨૬ થી ૦૦:૦૦ કલાક થી કરવામાં આવશે.

ઉપર જણાવેલ ગ્રુપ પ્રમાણે ખેતી વિષયક ફીડરોની વિગત જે તે વર્તુળ/ વિભાગીય/ પેટા વિભાગીય કચેરીઓના નોટિસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે. જેની ખેતીવાડી વીજવપરાશ કરતાં ગ્રાહકોએ નોંધ લેવા નમ્ર વિનંતી છે.

વિશેષ મુખ્ય ઇજનેર (સી.એન્ડ આર.), દ.ગુ.વી.કં.લિ., સુરત

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી નો ઉપયોગ કરો અને વીજ અકસ્માતો ટાળો

વડોદરા મહાનગરપાલિકાના આપત્તિ વ્યવસ્થાપન અને આરોગ્ય વિભાગની સરાહનીય કામગીરી

ભાયલી ગામના ૩૦૦ થી વધુ નાગરિકોને આશ્રયસ્થાને પહોંચાડી ભોજન આપ્યું

મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ ખોરાક શાખા દ્વારા વોર્ડ નં. ૧૦ ના પૂરગ્રસ્તો માટે કરાઈ બે સમયના શુદ્ધ અને પૌષ્ટિક ભોજનની વિશેષ વ્યવસ્થા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૫

વડોદરા શહેરમાં સર્જાયેલી પૂરની પરિસ્થિતિ અને તેના કારણે પ્રભાવિત થયેલા નાગરિકોની વહારે વડોદરા મહાનગરપાલિકાનું તંત્ર પૂરઝડપે આગળ આવ્યું છે. મ્યુનિસિપલ કમિશનર અરૂણ મહેશ બાબુના માર્ગદર્શન તેમજ ડેઝિગ્નેટેડ ઓફિસર અને અધિક આરોગ્ય અમલદારના સીધા સૂચનો હેઠળ ખોરાક શાખા દ્વારા આપત્તિના આ સમયમાં માનવતાવાદી અભિગમ અપનાવવામાં આવ્યો છે. શહેરના પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાંથી સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરાયેલા નાગરિકોને કોઈપણ પ્રકારની અગવડ ન પડે અને સમયસર પોષણયુક્ત આહાર મળી રહે તે માટે ખાસ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી હતી. જે અંતર્ગત વોર્ડ નં. ૧૦ હદ વિસ્તારમાં આવેલા ભાયલી ગામ ખાતે આશરે ૩૦૦ જેટલા પૂર અસરગ્રસ્ત નાગરિકો માટે ભોજન વિતરણનું ભગીરથ કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. ખોરાક શાખાના સિનિયર ફૂડ સેફ્ટી ઓફિસરો તથા ફૂડ સેફ્ટી ઓફિસરોની ટીમ દ્વારા સ્થળ પર જઈને ગરમાગરમ અને ગુણવત્તાયુક્ત ભોજન તૈયાર કરાવવામાં આવ્યું હતું. તા. ૨૪-૦૭-૨૦૨૬ ને શુક્રવારના રોજ સાંજના સમયે તેમજ તા. ૨૫-૦૭-૨૦૨૬ ને શનિવારના રોજ સવારના સત્રમાં પૂર અસરગ્રસ્તોને સ્વાદિષ્ટ શાક અને ભાતનું ભોજન વિતરિત કરવામાં આવ્યું હતું.

ખાસ ઉલ્લેખનીય છે કે સ્થળાંતર કરાયેલા નાગરિકોને લાઇનોમાં ઊભા રહેવું ન પડે તે માટે તંત્ર દ્વારા તમામ નાગરિકોને તેઓનાં રહેઠાણ અને આશ્રય સ્થળો પર જ રૂબરૂ જઈને ભોજન પીરસવામાં આવ્યું હતું.

આ આખીય ભોજન વિતરણની પ્રક્રિયા અત્યંત સુચારૂ, શિસ્તબદ્ધ અને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી, જેને સ્થાનિક રહીશો દ્વારા પણ વ્યાપક સરાહના મળી છે.